દાખલ તારીખ : ૦૨/૧૧/૨૨
રજી.કર્યા તારીખ : ૦૨/૧૧/૨૨
નિકાલ તારીખ : ૧૬/૦૪/૨૪
**સમય : વર્ષ –માસ–દિવસ**

સત્યમેવ જયતે

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા**

---

**રેફરન્સ (ટી.)નં.૫૭/૨૦૨૨**
**આંક : ૦૪**

**પ્રથમ પક્ષકાર : –** ચીફ ઓફીસરશ્રી,
નગર પાલીકા,શહેરા,
જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી અન્શારી યુસુફખા સત્તારખા
વચલો મહોલ્લો,શહેરા,
તા.શહેરા,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી આર.બી.પટેલ
બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન વકીલશ્રી ડી.જી.હરૂમલાણી

---

**વિષય :–ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૦૧/૧૧/૨૦૨૨ ના હુકમ નંબર–કે. એચ./એસ.એચ.એમ.સી./ગો./૧૦૪૬૨ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુંસુચિ નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી અન્શારી યુસુફખા સત્તારખાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૨) આ કામે ઉપરોકત વિગતે રેફરન્સ થઈ આવતા પક્ષકારોને નોટીસ ઈશ્યુ કર્યા બાદ હાલનું કામ બીજા પક્ષકારના માંગણા નિવેદન રજુ કરવા પર રહેલ. બીજા પક્ષકારને સને–૨૦૨૨ થી સને–૨૦૨૪ સુધી માંગણા નિવેદન રજુ કરવા માટે મુદત આપવા છતાં હાજર રહેલ નહી કે માંગણાનું નિવેદન રજુ

કરેલ નહી. બીજા પક્ષકારને માંગણા નિવેદન રજુ કરવા અનેક મુદતો આપવા છતાં બીજા પક્ષકાર જાતે હાજર રહેલ નહી કે માંગણાનું નિવેદન રજુ કરેલ નથી.

(૩) આ કામે બીજા પક્ષકારને પુરતી તકો આપવા છતાં માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારના માંગણાના નિવેદનના અભાવે હાલનો કેસ બે વર્ષ કરતા વધુ સમયથી પેન્ડીંગ હોઈ, હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવી નિરર્થક જણાય છે. બીજા પક્ષકાર નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી કે કેસની કાર્યવાહી આગળ ચલાવેલ નથી.જેથી આ કામ ઘણા સમયથી પેન્ડીંગ હોવા છતાં બીજા પક્ષકાર છેલ્લા ઘણાં સમયથી હાજર રહેતા નથી કે કામ આગળ ચલાવવા પ્રયત્ન કરતા નથી કે માંગણીનું નિવેદન રજુ કરતા નથી કે પોતાનો કેસ પુરવાર કરવા આજ દિન સુધી કોઈ પુરાવો રજુ કરેલ નથી કે રજુ કરવા પ્રયત્ન કરેલ નથી. એટલુ જ નહી મદદનીશ મજુર કમિશનર સમક્ષના મજુર કમીશનરશ્રી ધ્વારા હાલના કેસમાં મોકલાવેલ પેપર્સ જોતાં ત્યાં પણ બીજા પક્ષકારે તેમના કેસના સમર્થનમાં હકીકતો પુરવાર કરતા હોય તેવા કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય તેમ જણાતું નથી. આમ, બીજા પક્ષકાર પોતાની હકીકતો સાબીત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. તે સંજોગોમાં ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર **અન્શારી યુસુફખા સત્તારખાને** તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર ના થતા હોવાનું ઠરાવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯ ૪૭ ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૧૬/૦૪/૨૦૨૪**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**